Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-14, Issue-2, September-2020
www.researchguru.net

# ભારતીય સમાજ પર કોરોના વાઈરસ (COVID-19)ની સામાજિક અસર

## Social Impact of Corona virus COVID-19 on Indian Society

ડૉ.હસમુખ પંચાલ, મ.પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા. 9429732401,
hasmukhp13@gmail.com

*ટૂંકસાર* *–કોરોના વાઈરસ (COVID-19)એ વિશ્વ વ્યાપી રોગચાળો, એ સદીનો સૌથી નિર્ણાયક વૈશ્વિક સ્વાસ્થ્ય આફત અને બીજા વિશ્વયુદ્ધ પછીની માનવજાતિનો સૌથી મોટો પડકાર માનવામાં આવે છે. ચીને 31 ડિસેમ્બર 2019 એ કોરોના વાઈરસના પ્રકોપની જાહેરાત કરી અને 30 જાન્યુઆરી 2020 એ જન સ્વાસ્થ્ય કટોકટી લાગુ કરી દીધી. વિશ્વ આરોગ્ય સંસ્થા એ કોરોના ને પેન્ડેમિક – વિશ્વ વ્યાપી રોગચાળા તરીકે જાહેર કરવામાં 72 દિવસનો સમય લાગ્યો. જ્યાં સુધી માનવ સંસ્કૃતિના ઈતિહાસની વાત છે ત્યાં અનેક વાયરસથી થતા રોગોના ગંભીર પ્રકોપના દાખલા છે. હમણાં સુધી કોઈ ક્લિનિક્લી માન્યતા પ્રાપ્ત એન્ટિવાઈરલ દવાઓ અથવા COVID-19 સામે અસરકારક રસીનો કોઈ રિપોર્ટ નથી. તે વિશ્વભરમાં ઝડપથી પ્રસરી ગયું છે. જેનાથી સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક, સાંસ્કૃતિક અસરોએ સમગ્ર માનવ વસ્તી માટે એક પડકાર ઉભો કર્યો છે. લગભગ તમામ રાષ્ટ્રો દર્દીઓની ચકાસણી અને સારવાર દ્વારા રોગના સંક્રમણને ધીમુ કરવા માટે સંઘર્ષ કરી રહ્યાં છે. સંપર્ક ટ્રેસીંગ દ્વારા શંકાસ્પદ વ્યક્તિઓને અલગ કરવા, મોટા મેળાવડા પર પ્રતિબંધ મુકવો, સંપૂર્ણ અથવા આંશિક લોકડાઉન જાળવવા વગેરે પ્રયત્નો કરી રહ્યાં છે. ભારતીય સમાજમાં કોરોના-19 થી સામાજિક સમસ્યાઓ સર્જાઈ છે. જેમાં લોકડાઉનના વિવિધ તબક્કાઓથી માનવ સંબંધો અને માનવ જીવનની પરંપરોંમાં પરિવર્તન આવ્યું છે. પ્રસ્તુત અભ્યાસ કોરોના વાઈરસ અંગે જાણકારી અને તેની ભારતીય સમાજમાં કેવી સામાજિક અસરો થઈ છે તે અંગે ચર્ચા કરવાનો છે.*

*કી વર્ડ :સમાજ, કોરોના વાઈરસ, સામાજિક અસર, લોકડઉન,બદલાવ.*

**1.પ્રસ્તાવના**–વૈશ્વિક મહામારી ગણાતા કોરોનાના કહેરનો આ છઠ્ઠો મહિનો છે. છતાં હકીકત એ છે કે આજ દિન સુધી કોઈ વૈજ્ઞાનિક કે ડૉક્ટર આરોગનું સાચું નિદાન, ચિકિત્સા કે મારણ કે તારણ શોધી શક્યા નથી.આ કોરોના વાઈરસ થી બચાવવા ડૉક્ટર ટ્રાયલ એન્ડ એરરની પદ્ધતિથી દર્દીને જીવાડવાની કોશિશ કરે છે. વાસ્તવિકતા તો એ છે કે આજ દિન સુધી દુનિયાના કોઈપણ દેશે કોરોનાના ઈલાજ માટે ચોક્કસ પ્રોટોકોલ શોધ્યા નથી. બીજુ કે વિશ્વ આરોગ્ય સંસ્થા કે જેની પાસેથી સમગ્ર વિશ્વ માર્ગદર્શનની અપેક્ષા રાખે છે એ સંસ્થાની વિશ્વસનીયતા પર પણ સવાલો થઈ રહ્યા છે. એક વાત એ છે કે લોકડાઉન થી કોરોનાને અટકાવી શકાય. દુનિયાના કેટલાય દેશોએ લોકડાઉનનો સહારો લીધો છે એને ભારતની માફક મોટાભાગના દેશોમાં લોકડાઉન હોવા છતાં, કેસોની સંખ્યા વધી છે. અન્ય દેશોમાં લોકડાઉન નહોતું ત્યાં પણ કેસોની સંખ્યા વધીજ છે. એટલે લોકડાઉન અને કોરોના સંક્રમણની વધ-ઘટ વચ્ચે શું સંબંધ છે? શું લોકડાઉન તેનો ઉપાય છે? ભારતમાં ગૃહ મંત્રાલયની ગાઈડલાઈન મુજબ પ્રત્યેક નાગરિકે લોકડાઉનના નિયમોનું પાલન ફરજિયાત છે. શિક્ષણ, રોજગાર, બજાર, મોલ, સિનેમા, હોટલ, ધર્મસ્થાન, સલુન વગેરે બંધ છે. હોસ્પિટલ, સુરક્ષા, સ્વચ્છતા જેવી સેવાઓ ચાલુ છે. દવા, દૂધ, અનાજ, શાકભાજી જેવી જરૂરી ચીજવસ્તુની વ્યવસ્થા ખુલ્લી છે. કોરોના સાથે લોકડાઉનમાં રહેલા ભારતીય માનવ સમાજિક સંબંધમાં વિવિધ સામાજિક અસરો વર્તાય છે જેની ચર્ચા પ્રસ્તુતછે.

**ઉદ્દેશ્ય**– 1. કોરોના વાઈરસ (COVID-19)અંગે જાણકારી મેળવવી.

2. કોરોના વાઈરસની માનવ સમાજિક સંબંધમાં વિવિધ સામાજિક અસરોને જાણવી.

**2. સંશોધન પદ્ધતિ –**

વર્ણનાત્મક પદ્ધતિ દ્વારા કાર્ય કરેલ છે. કોરોના વાઈરસ (COVID-19)અંગે વધુ માહિતિ વર્તમાન સંચારમાધ્યમો માંથી પ્રાપ્ત કરી છે. દ્વિતિયક માહિતીનો ઉપયોગ શોધ કાર્યમાં કર્યો છે. જેમાં વર્તમાનસંશોધનલેખ, પ્રકાશિત સાહિત્ય તથા વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસના પ્રથમ ભાગમાં વિષયવસ્તુ, બીજા ભાગમાં સંશોધન પદ્ધતી, ત્રીજા ભાગમાં વિશ્લેષણ અને ચોથા ભાગમાં સારાંશ દર્શાવેલ છે

**3.1 કોરોના વાઈરસ (COVID-19)અંગે જાણકારી –**

કોરોના વાઈરસએ વાઈરસનું એક મોટુ જૂથ છે. જેમાંથી કેટલાક સામાન્ય શરદીથી ગંભીર બીમારીઓ જેવી કે તીવ્ર શ્વસનતંત્ર નો રોગ(SARS)અને મિડલ ઈસ્ટ પેસ્પીરેટરી સીન્ડ્રોમ(MERS)માટે જવાબદાર છે.SARS-CoV-2એવો કોરોના વાઈરસ છે કે જે SARS માટે જવાબદાર વાઈરસને મળતો આવે છે. ઘણાં કોરોના વાઈરસ એ પ્રાણીજન્ય છે, જેમનું પ્રાણીઓ દ્વારા માણસમાં સંક્રમણ થાય છે. એવું માનવામાં આવે છે કે SARS કોરોના વાઈરસ જેનું ઉદ્દભવ સ્થાન હજુ સુધી જાણી શકાયું નથી. કદાચ તે ચામાચીડિયા દ્વારા બીજા પ્રાણીઓ અને પ્રથમ વાર માણસમાં ઈ.સ.2002 માં દક્ષીણ ચીનના ગુઆન્ગડોન પ્રાંતમાં ફેલાયો હતો, જ્યારે MERS કોરોના વાઈરસ ઊંટ દ્વારા માણસોમાં ઈ.સ. 2012 માં સાઉદીઅરેબીયામાં ફેલાયો હતો.SARS-CoV-2પણ ચામાચીડિયા દ્વારા ફેલાયો હશે એવા પુરાવા મળેલ છે.સંશોધકો દ્વારા એવું શોધવામાં આવ્યું કે SARS કોરોના વાઈરસના કેસમાં SARS-CoV-2 જે નવો કોરોના વાઈરસ(COVID-19) રોગ ફેલાવે છે. તેનું સ્વાઈક પ્રોટીન મનુષ્ય કોષ પર આવેલા એન્જિઓટેન્સીન કન્વર્ટીંગ એન્ઝાઈમર -2 (ACE-2)નામના રીસેપ્ટર સાથે જોડાઈને માનવ કોષમાં પ્રવેશે છે. પરંતુ બીજા SARS વાઈરસ કરતાં નવા કોરોના વાઈરસ સ્પાઈક પ્રોટીનની કોષીય રિસેપ્ટર સાથેની જોડાણ ક્ષમતા 10 થી 20 ગણી વધારે છે.SARS કોરોના વાઈરસ કરતાં આ વાઈરસની કોષીય રિસેપ્ટર સાથેની જોડાણ ક્ષમતા વધારે હોવથી તેનું મનુષ્ય થી મનુષ્યમાં સંક્રમણ વધુ પ્રમાણ માં થાય છે. ( ધ હિન્દુ સમાચારપત્ર દ્વારા પ્રકાશિત માર્ગદર્શીકા:2020 )

કોરોના વાઈરસ (COVID-19) સાથે જોડાયેલ એ શબ્દો જે હાલમાં સૌથી વધુ ચલણમાં છે.

1 કોવિડ-19 – કોરોના વાઈરસનું ટેકનિકલ નામ SARS-CoV-2 છે. તેને કારણે થતી શ્વાસની બિમારીને કોરોના વાઈરસ ડિસીઝ 2019 એટલે કે કોવિડ-19 નામ અપાયું છે.

(COVID-19)=CO rona VI rus D isease 2019

2 પેનડેમિક –WHO એ મહામારીનાં બે રૂપ સ્વીકાર્ય છે. વૈશ્વિક મહામારી એટલે પેનડેમિક અને સ્થાનિક મહામારી એટલે એપિડેમિક. કોરોનાને પેનડેમિક મનાયો છે. 6 મહાદ્વીપ અને 100 થી વધુ દેશોમાં ફેલાયા પછી WHO એ મહામારી જાહેર કરી.

3 આર-નોટ –આર-નોટ એટલે કે આર ઓ કોઈ વાઈરસની મૂળ પ્રજનન સંખ્યા હોય છે. જેનાથી બીમારી કે વાઈરસની ગંભીરતા આંકવામાં આવે છે. એટલે કે જે તે બિમારીથી ગ્રસ્ત એક વ્યક્તિ બીજા કેટલા લોકોને સંક્રમિત કરી શકે તેના પર તેની ગંભીરતા રહેલી છે. આ આંકડો જેટલો મોટો તેટલી આ બીમારી વધવાની આશંકા વધી જાય છે.

4 ઈન્ક્યુબેશન પિરિયડ – સંક્રમિત થવાથી લઈને લક્ષણો જોવાનો સમય ઈન્ક્યુબેશન કહેવાય છે. કોરોનામાં આ સમય 14 દિવસોનો છે, પરંતુ અનેક

કેસમાં ફક્ત 5 દિવસમાં લક્ષણ સામે આવ્યા છે. એટલે કે આ વાઈરસની તીવ્રતા પણ દરેક શરીરમાં જુદી જુદી છે.

5 સેલ્ફ ક્વારંટાઈન – સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન પ્રમાણે , જો તમે ચીન, ઈટાલી, ઈરાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોમં જઈ આવ્યા છો, જ્યાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે. તો તમારે 14 દિવસ તમારા ઘરે સેલ્ફ ક્વારંટાઈન તરીકે પસાર કરવા જોઈએ. એટલે કે પોતાને ઘરમાં બંધ કરી બીજાથી અલગ થવું જોઈએ. ભારતમાં જે કોરોના વૉરિયર્સ તરીકે કામ કરનાર વ્યક્તિઓ માંથી કોઈને કોરોના વાઈરસ પોઝિટીવ આવે તો તે વ્યક્તિ સાથે કામ કરનાર બીજા વ્યક્તિઓએ પણ સેલ્ફ ક્વારંટાઈન થવું પડે છે.

6 સોશિયલ ડિસ્ટંન્સિંગ –WHO ના જણાવ્યા અનુસાર જે માણસને ખાંસી કે છીંક આવતી હોય તે માણસ થી બીજા વ્યક્તિએ એક મીટર જેટલું અંતર રાખવું જોઈએ. કારણ કે તે માણસને છીંક કે ખાંસી આવે ત્યારે તેના નાક કે મોઢા માંથી પડતા ટીંપા માં વાઈરસ હોય છે. જો તે ખાંસી ખાનાર વ્યક્તિને કોરોના વાઈરસથી ચેપ લાગેલ હોય અને તમે તેનાથી નજીક હોય તો તે ટીંપા તમારા શ્વાસમાં પ્રવેશી શકે છે. કોરોના ફેલાવાનું જોખમ ભીડવાળી જગ્યાઓ પર વધુ છે. આ કારણે જ દુનિયાભરમાં આવા આયોજન ટાળવામાં આવી રહ્યાં છે. જ્યાં ભીડ એકઠી થઈ શકે છે. જેમકે અમેરિકામાં રાજકીય રેલીઓ રદ કરાઈ છે. ભારતમાં આઈપીએલ સ્થગિત કરાઈ છે.

કોરોના વાઈરસના સંક્રમણથી બચવા માટે ટૂંકમા, કો-કોઈ, રો- રોડ પર, ના- ના જાય.

C-O-R-O-N-A - C=Clean Your Hands, O= Off from Gatherings, R =Raise Your Immunity, O =Only Think to wear Mask, N =No to Hand Shake, A =Avoid Large Crowds.

**3.2કોરોના વાઈરસ (COVID-19) ની માનવસમાજિકસંબંધમાંવિવિધસામાજિકઅસરો–**

ભારતના વડાપ્રધાન મા.શ્રીનરેન્દ્ર મોદી એ સૌ પ્રથમ 22 માર્ચ 2020ના રોજ "જનતા કર્ફ્યુ" લાગુ કર્યો.ત્યાર બાદ કોરોના વાઈરસ (COVID-19)ના સંક્રમણથી બચવામાટે લોકડાઉન શરૂ થયું. 31 મે 2020 સુધીમાં લોકડાઉન 4.0 પૂર્ણ થશે. લોકોને ઘરમાં જ રહેવું અને ઘરમાં જ રહેવા માટે તાકીદ કરી, નિયમો અનુસાર જ રહેવા જણાવાયું છે. ભારતમાં માનવ સંબંધો અને સામાજિક જીવન જીવવામાં થયેલ સામાજિક અસરોને નીચે મુજબ દર્શાવી શકાય.

**1.વસ્તી–**

ભારતમાંકોરોનાનીમહામારીફેલાઈરહીછે. કેન્દ્રીયઆરોગ્યમંત્રાલયનાઆંકડાપ્રમાણે 27 મેં 2020 સવારેપુરાથયેલા 24 કલાકમાંદેશમાંકોરોનાવાઈરસનાસંક્રમણના 6,387 નવાદર્દીનોંધાયાં. કુલકેસનોઆંકડો 1,51,767પરપહોંચીગયોછે. છેલ્લા 24 કલાકમાં કોરોનાનાં કારણે 170 દર્દીએ જીવ ગુમાવતાં મોતની કુલ સંખ્યા 4,337 પર પહોંચી હતી. દેશમાં આજે કોરોનાના 83,004 એક્ટિવ કેસ છે. જ્યારે 64,425 દર્દીને સારવાર બાદ ડિસ્ચાર્જ કરી દેવાયા છે. આ સાથે રિકવરી રેટ 42.4 ટકા પર પહોંચ્યો હતો. દેશમા સતત છઠ્ઠા દિવસે 6,000 કરતાં વધુ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ભારતમાં પ્રથમ 50,000 પોઝિટિવ કેસ નોંધવામાં 70 દિવસ કરતાં વધુ સમય લાગ્યો હતો. જ્યારે છેલ્લા 50,000 કેસ નોંધવામાં

ફક્ત 8 દિવસ લાગ્યા છે. મે મહિનાથી પ્રતિ 100 ટેસ્ટ પોઝિટિવ દર્દીની સંખ્યા દેશમાં સતત વધી રહી છે.ભારતમાં કોરોના પોઝિટિવ કેસમાં ટોપ ટેન રાજ્યોની સ્થિતિ આ મુજબ છે.

| ક્રમાંક | રાજ્ય | પોઝિટિવ કેસ સંખ્યા | ક્રમાંક | રાજ્ય | પોઝિટિવ કેસ સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | મહારાષ્ટ્ર | 54,758 | 6 | મધ્યપ્રદેશ | 7,024 |
| 2 | તામિલનાડુ | 18,545 | 7 | ઉત્તરપ્રદેશ | 6,548 |
| 3 | ગુજરાત | 14,821 | 8 | પશ્ચિમ બંગાળ | 4,009 |
| 4 | દિલ્હી | 14,464 | 9 | આંધ્રપ્રદેશ | 3,171 |
| 5 | રાજસ્થાન | 7,536 | 10 | બિહાર | 2,983 |

સ્રોત –covid-19 data.gov.in, www.mohfw.gov.in

ભારતમાં સૌથી વધુ કેસ ધરાવતા રાજ્યમાં દૈનિક કેસ રિકવરી અને મૃત્યુની સરેરાશ 27 મે 2020 માં નોધાયા પ્રમાણે નીચે મુજબ દર્શાવી શકાય.

| રાજ્ય | પ્રથમ કેસની તારીખ | દિવસ | દૈનિક કેસ | દૈનિક રિકવરી | દૈનિક મૃત્યુ |
|---|---|---|---|---|---|
| મહારાષ્ટ્ર | 10 માર્ચ | 79 | 693 | 215 | 23 |
| તમિલનાડુ | 07 માર્ચ | 82 | 226 | 221 | 02 |
| ગુજરાત | 19 માર્ચ | 70 | 217 | 108 | 13 |
| દિલ્હી | 02 માર્ચ | 87 | 175 | 84 | 04 |
| રાજસ્થાન | 03 માર્ચ | 86 | 89 | 51 | 02 |
| મધ્યપ્રદેશ | 21 માર્ચ | 68 | 103 | 54 | 05 |
| ઉત્તરપ્રદેશ | 04 માર્ચ | 85 | 79 | 45 | 02 |

સ્રોત –covid-19 data.gov.in, www.mohfw.gov.in

ગુજરાતમાં 19 માર્ચે નોંધાયેલ પ્રથમ કેસથી લઈને 70 દિવસમાં કોરોનાથી કુલ 938 દર્દીના મોત નિપજ્યાં છે. જેની દૈનિક સરેરાશ કાઢવામાં આવે તો રોજના 13 દર્દીના મૃત્યુ થયાં છે. પ્રથમ ક્રમે મહારાષ્ટ્ર છે, પરંતુ ત્યાં ગુજરાતની સરખામણીએ 3 ગણા કેસ નોંધાયા છે. ગુજરાતમાં કોરોના પોઝિટિવના 27 મે 2020 સુધીમાં કુલ 15,205 કેસ નોંધાયા છે. જે દૈનિક સરેરાશ કેસ 217 થાય છે અને સાજા થનારની સંખ્યા 128 છે.

કેટલાક લોકો સુપર સ્પ્રેડર્સની માફક કોરોનાનો ચેપ લઈને ફરતાં હશે. કેટલા લોકોને કોરોના છે તેનો અંદાજ કરવો કઠિન છે. મોટાભાગના કિસ્સાઓમાં મજબૂત રોગપ્રતિકારક શક્તિ ધરાવતા દર્દીઓ દવા અને ટેસ્ટ વગર પણ સ્વસ્થ થઈ જતાં હોય છે.

**2.કુટુંબ–**

કુટુંબ માનવસમાજમાં સાર્વત્રિક અને પાયાની સંસ્થા છે. કુટુંબમાં પેઢીઓની સંખ્યાના આધારે જોઈએ તો કુટુંબના સંયુક્ત અને વિભક્ત એમ બે પ્રકાર જોવા મળે છે. કુટુંબના નિવાસ માટે એક સામાન્ય રહેઠાણ-ઘર હોય છે. કોરોનાની નીચલા વર્ગને વધુ અસર થઈ છે. એક રૂમ વાળા રહેઠાણમાં 6 થી 10 સભ્યોને રહેવાનું હોય ત્યાં કેવી રીતે સામાજિક અંતર જાળવવું કે કેવી રીતે સેલ્ફ ક્વારંન્ટાઈન થવું એ ગંભીર સવાલ છે.

મહિલાઓ ઘરમાં 24 કલાકની ડ્યુટી કરી રહ્યાં છે. જે મહિલાઓ વર્કિંગ વુમન છે તેઓને તેમની સર્વિસમાંથી છૂટ મળી છે, પરંતુ તેમના ઘરના કામમાંથી છૂટછાટ મળી નથી. અત્યારે કોરોનામાં પરિસ્થિતિ બદલાઈ છે ત્યારે

બાળકો-વૃદ્ધો સાથેના તમામ લોકો ઘરે છે, ત્યારે મહિલાઓના કામમાં રાહત થવાની જગ્યાએ વધારો થયો છે. લોકડાઉનના સમયમાં મહિલાઓ ઓનલાઈન પ્લેટફોર્મ પર જઈને કંઈક નવું કરી રહી છે. ફેમિલી બોન્ડિંગનો ચાન્સ વર્કિંગ લાઈફમાં નહતો મળ્યો તે મળ્યો. ઘરે કામવાળા આવતા નથી એટલે ફરજિયાત ઘરનું કામ કરી રહ્યાં છે. કઠોળનું મહત્વ સમજાયું. લોકડાઉન મા શું નવું અપનાવ્યું અને શું ધ્યાન રાખશે તે સમજાયું.

કુટુંબમા લોકડાઉનના સમયમાં ઘરમાં બેઠા-બેઠા પતિ-પત્ની વચ્ચે સામાન્ય બોલચાલ કે ઉશ્કેરાટના અનેક કિસ્સા બન્યા છે. જેના કારણે છૂટા-છેડા, ઘરેલુ હિંસા, આત્મહત્યા, મનોવૈજ્ઞાનિક અસરો ની ઘટનાઓ જોવા મળી છે.

વૃદ્ધ વ્યક્તિઓમાં કોરોનાથી ચેપ લાગવાનું જોખમ વધારે સંવેદનશીલ હોય છે. ખાસ કરીને જોતેઓ હાયપરટેન્શન, બી.પી. અને ડાયાબિટીસ જેવી લાંબી બિમારી સાથે હોય છે. તેમને મોટેભાગે ટેકાની જરૂર હોય છે, જો ન મળે તો તેમની સામાજિક એકલતામાં વધારો થાય છે. બીજુ કે કોરોના અંગે ના પ્રવચનોમાં તેને વૃદ્ધ લોકોના રોગ તરીકે દર્શાવવામાં આવે છે. જે વૃદ્ધ વ્યક્તિઓ વિશે નકારાત્મક સ્ટીરિયોટાઈપ્સને વધારે છે કે જેમને નબળા, બિનમહત્વપૂર્ણ અને સમાજ પરનો બોજો માનવામાં આવે છે. આવી વય આધારિત ભેદભાવ એ સેવાની જોગવાઈમાં પ્રગટ થઈ શકે છે કારણ કે વૃદ્ધ વ્યક્તિઓની સારવાર એ યુવાન જનરેશનની સારવાર કરતાં ઓછું મહત્વ ધરાવે છે. પરંતુ માનવાધિકાર કાનૂન દરેકને આરોગ્યના ઉચ્ચતમ પ્રાપ્ય ધોરણના અધિકારની બાંયધરી આપે છે.

યુવાનો કે જેણે સૌથી વધુ નબળા છે તેમને મદદ કરવા અને તેમના સમુદાયોમાં જાહેર આરોગ્ય સામાજિક જાગૃતિ અભિયાનમાં વધારો કરવામાં સહાય માટે જોડાયેલ છે. આ રીતે કોરોના ફેલાવા અને તેના જાહેર આરોગ્ય, સમાજ અને અર્થતંત્ર પરના પ્રભાવને મર્યાદિત કરવા માટે યુવા નિર્ણાયક છે. ઘણાં સંવેદનશીલ યુવાનો જેવાં કે સ્થળાંતર કરનારાં અથવા ઘરવિહોણા યુવાનો અનિશ્ચિત પરિસ્થિતિ માં હોય છે. તેમને કોરોનાની વધુ અસર થઈ છે.

**3.જન્મ, લગ્ન અને મૃત્યુ સંસ્કાર–**

હિંદુ ધર્મશાસ્ત્રોમાં 16 સંસ્કારનો ઉલ્લેખ છે, તે મુજબ જન્મ, લગ્ન અને મૃત્યુ, એક સંસ્કાર ગણાય છે અને તેની નિશ્ચિત ધાર્મિક વિધિ, રિવાજ, પરંપરા હોય છે. કોરોના કાળમાં જન્મની કોઈ નિશ્ચત જગ્યા નહી અને કોરોના વોરિયર્સની મદદ મળી તો જીવન બચ્યું. નવજાત બાળકોના લોકડાઉન અને કોરોના જેવા નવા નામકરણ થયાં.

લગ્ન પ્રસંગમાં આમંત્રિતોની સંખ્યા લોકડાઉનનાં નિયમો મુજબ, સમુહ ભોજન પ્રતિબંધ, વરઘડિયાનાં પહેરવેશમાં માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સિંગ ફરજિયાત. મોઘી ભેટ-સોગાત, ભોજન, રાસ-ગરબા, વગેરેનાં ખર્ચા જરૂરી નથી પરંતુ વિધી પૂર્વક લગ્ન જરૂરી છે, તેવો બદલાવ જોવા મળ્યો છે.

ભારતમાં ધર્મ અને જ્ઞાતિ પ્રમાણે મૃત્યુની વિધિમાં વિવિધતા જોવા મળે છે. પરંતુ કોરોના કાળમાં વ્યક્તિના મૃત્યુ પછી હોસ્પિટલ માંથી મૃતદેહને સીધા જ સ્મશાનગૃહમાં મોકલવામાં આવે છે. ભારતીય ફિલ્મી કલાકારો ઈરફાનખાન અને ઋષિકપૂર ના મૃત્યુ સમયે જોઈ શકાયુ. મરનારની અંતિમયાત્રા માં જોડાતા લોકોની સંખ્યાને આધારે તેની શાખ નક્કિ થાય. પરંતુ કોરોના કાળમાં તો આ માટે પણ મંજુરી લેવી પડે છે અને નજીકના માત્ર 20 લોકો જ હાજર રહી શકે, ત્યારે કોણ તેના નજીકનું સ્વજન છે તે નક્કિ થઈ જાય છે. માનવીના મૃત્યુ પહેલા કબર તૈયાર થઈ જાય અને મૃતદેહોના ઢગલાં, રસ્તા પર પણ પડેલા જોવા મળ્યાં તે હકિકત છે. મૃત્યુ બાદ ના વિવિધ સામાજિક રિવાજો જેવાકે બેસણું, ગરૂડ

પુરાણ વાંચન, મૃત્યુભોજ વગેરે જોવા મળે છે પરંતુ કોરોના સમયમાં ટેલીફોનીક બેસણું અને વર્ચ્યુઅલ રીતે અંતિમ કાર્યક્રમો આટોપી લેવા પડ્યાં છે. રિવાજો મુજબ અંતિમ વિધિમાં થતાં ખર્ચા બંધ થશે તો ગરીબ માણસ દેવાનાં બોજ માંથી બચશે અને નવી સામાજિક વ્યવસ્થાનું નિર્માણ થશે. જેનો સ્વિકાર કરીશું તો ફાયદામાં રહીશું એમ કહી શકાય.

**4.શિક્ષણ-**

100 થી વધુ દેશોએ દેશભરમાં શિક્ષણ સુવિધાઓ બંધ રાખવાની વિવિધ નીતિઓ રાખી છે. યુનેસ્કોનો અંદાજ છે કે શૈક્ષણિક સંસ્થાઓ બંધ થવાને કારણે 900 મિલિયન જેટલા શીખનારાઓને અસર થઈ છે. ભારતમાં નિમ્ન આવક ધરાવતા કુટુંબ ના બાળકોને મફત શાળા ભોજનની અછત, સામાજિક એકલતા, ક્લોઝર સમાપ્ત થયા પછી પાછા ફરવાની સંભાવના ધરાવતા વિદ્યાર્થીઓ સાથે શાળા છોડવાનો દર અને નાના બાળકો સાથે પરિવાર પરની બાળ સંભાળના ખર્ચની અસર ને કારણે પોષણ પરના કેટલાક પ્રભાવો શામેલ છે. ઉચ્ચ આવક ધરાવતા પરિવારોમાં ટેક્નોલોજી એક્સેસ કરવામાં સક્ષમ લોકોની વસ્તીમાં એક મોટી અસમાનતા છે જે સામાજિક એકલતા તરીકે ડિજિટલ શિક્ષણ ચાલુ રહે તેમ માને છે.

બીજુ કે કોરોના વાઈરસના સંક્રમણને પગલે તમામ શાળા, કૉલેજ, યુનિવર્સિટી, ટ્યુશન ક્લાસીસ સહિતના શૈક્ષણિક સંકુલો બંધ રહેતા વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય સ્થગિત થઈ ગયું છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીએની ભાવિ કારકીર્તિ માટેની તૈયારી સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે, ત્યારે ઓનલાઈન ટીચિંગ, વર્ચુઅલ ક્લાસરૂમ, ઓનલાઆન એડમિશનનો અભિગમ વિકસ્યો છે. જે મોબાઈલ ફોનને શિક્ષણ સંકુલમાં લઈજવા પર પ્રતિબંધ કરેલ તે જ મોબાઈલને શિક્ષણનું માધ્યમ બનાવવા વિદ્યાર્થીના હાથમાં ટીચીંગ-લર્નીગ ટૂલ તરીકે મુકવું જરૂરી બન્યું છે. ઓનલાઈન લેક્ચર્સ, વેબિનાર, એનિમેટેડ વિડિયો લેક્ચર્સ,ક્વિઝ સ્પર્ધા, ડ્રોઈંગ કોમ્પિટીશન,વગેરે દ્વારા ઘેરબેઠા શિક્ષણ પુરૂં પાડવામાં આવી રહ્યું છે. જેનું ઈ-સર્ટી પણ મળે છે.આજથી 6-7 વર્ષ પહેલા ગુગલ ક્લાસરૂમ પર ભણાવવાની શરૂઆત થયેલ. આમા વિદ્યાર્થીઓમાં વોર્મ ઓછો થશે. પણ વર્ચ્યુઅલ ક્લાસરૂમ એ આવનાર સમયની વાસ્તવિકતા બનશે. જે શિક્ષણ ચોક-બોર્ડ થી ભણાવશે તેની સંખ્યા કરતાં વર્ચ્યુઅલ ક્લાસરૂમમાં સંખ્યા વધશે, તે સફળ થશે. (પ્રો.વિદ્યુત જોષી)

**5.વર્ક ફ્રોમ હોમ-**

કોરોનાએ વ્યવસાયિક જિંદગીની સપૂર્ણ રૂપરેખા જ બદલી નાખી છે. આજકાલ ઘર જ નવી ઓફિસ છે. ઈન્ટરનેટ જ નવો મીટિંગ રૂમ છે. અત્યારે સહકર્મીઓ સાથે ઓફિસ બ્રેક એ ઈતિહાસ બની ગયો છે. વિવિધ સ્ટેકહોલ્ડર્સ સાથે વાસ્તવિક સ્થિતિની માહિતી લેવા માટે સમાજના વિવિધ વર્ગો સાથે વિડિયો કોન્ફરન્સિંગ ચાલી રહી છે. કર્મચારીઓ ઘરેથી ડીજીટલ માધ્યમો દ્વારા ઓનલાઈન કામગીરી કરી રહ્યા છે, ત્યારે સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવું હિતાવહ છે. આ સમયમાં વધી રહેલા આર્થિક ગુનાઓ, ડેટાચોરી, અવેરનેસ ને લગતા સાયબર સુરક્ષાના સવાલો થયા છે. દેશમાં 40 કરોડથી વધુ મોબાઈલ ધારકો જ્યારે ડેટાનો ઉપયોગ પોતાના રોજીંદા જીવનમાં બેન્કીંગ, મનોરંજન અને કોમ્યુનિકેશન માટે કરતા હોય છે ત્યારે સાયબર ગુનાઓનો ભોગ બને છે. દેશમાં વર્ષ 2018માં 27000 થી વધુ સાઈબર ક્રાઈમ નોંધાયા છે. જે 2019માં જાન્યુઆરી સુધીમાં 34000 થી વધુ થયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને ફોર્બ્સ દ્વારા કોરોના મહામારી વિશે ખોટો ભ્રમ ફેલાવતી 40000 જેટલી સંદિગ્ધ વેબસાઈટ સહિત કુલ 116000 જેટલી સક્રિય વેબસાઈટ કોરોના મહામારીના નામે સાયબર ગુનાખોરીની કામગીરી કરી રહી હોવાની માહિતી પણ છે. ટૂંકમાં વર્કફ્રોમ હોમ પર

જવાથી ઓફિશિયલ અને અંગત જીવનમાં સંતુલનના નવા પડકાર ઊભા થયા છે.

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે વિવિધ દેશના નેતા તેમજ ભારતના વિવિધ રાજ્યો ના મુખ્યમંત્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સથી લાઈવ રહી કોરોના કહેર માંથી મુક્તિની યુક્તિ અંગે ચર્ચા- વિચારણા અને નિર્ણયો લેવાઈ રહ્યાં છે જે ખૂબ સરાહનીય છે.

**6.રીવર્સ માઈગ્રેશન–**

ભારતમાં વિદેશમાંથી મૂળ ભારતીયોને પાછા લાવવનું મિશન સફળ થાય, પણ લાખો શ્રમિકો સલામત રીતે પોતાના ઘરે પહોંચી શકે એ ખૂબ મહત્ત્વનું છે. કોઈ દિવસ વિચાર્યુ હતુ કે શહેર માંથી ગામડે જવા ઓનલાઈન ફોર્મ ભરી વિઝા લેવા પડશે ? મજદૂરો કે જેમણે હોમ અને હાઈવે બનાવ્યા છે, જેઓ શહેરોમાં અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરી રોજગારી મેળવ છે, તેમની સ્થિતિ ખૂબ વિકટ બની. કોરોના ને કારણે કામ-કાજ બંધ થયા અને સ્થળાંતરીત/ યાયાવર શ્રમિકોનો પ્રશ્ન થયો. માર્ચ મહિનામાં કામ કર્યું તો નાણાં એપ્રિલમાં વાપર્યા અને એપ્રિલમાં કામ ન કર્યુ એટલે મેં માં મુશ્કેલી ઊભી થઈ. અહી પૈસાનો સવાલ નથી પણ પોતાના કુટુંબ સાથે રહેવાનો સવાલ છે. 1984માં સુરતમાં પ્લેગ આવ્યો ત્યારે પણ આવા સવાલો આવેલા.

રાજ્યોની સરહદો પર આપણે શ્રમિકોને પગપાળા, દંડાખાતા, હેરાન થતાં અને પાછા ધકેલી દેવાયા હોવાનાં કિસ્સા જોયા છે. કાળઝાળ ગરમીમાં ભૂખ્યા, તરસ્યાં, ટિકિટની રાહ જોતા અને તેનાં કારણે સોશિયલ ડિસ્ટન્સિંગના ધજીયાં ઉડે તેવી ભીડભાડનો ભોગ બનતા શ્રમિકોનાં દ્રશ્યો જોયા છે. તૂટેલી સાયકલ પર પોતાના વયોવૃદ્ધ પિતા ને બેસાડી 1200 કિ.મી.નું અંતર 8 દિવસમાં કાપી તેમને ઘરે પહોંચાડતી 15 વર્ષની જ્યોતિકુમારી પાસવાન જેવા લોકોની સ્થિતિનો વિચાર કરવો રહ્યો. આને પરિણામે કોરોના ગામડામાં પહોંચી જશે તેની જવાબદારી કોની ?શ્રમિકોને વતમ મોકલવા માટે તેમની પાસેથી બસ કે ટ્રેનનું ભાડુ વસુલવું નહીં અને વિવિધ જગ્યાએ ફસાયેલા લોકોને ભોજન-પાણી ની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે શું સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાની રાહ જોવાની હોય ? કોણ જવાબદાર છે ? ઉદ્યોગપતો અને બિલ્ડર્સે શ્રમિકોનું મહત્વ સમજવું જરૂરી છે. માત્ર નાણાની ચમક સિવાય આ શ્રમિકોની વ્યથા અને પીડાને પણ જોવાની જરૂર છે. સામાજિક-આર્થિક મહાસંકટોનો ઈતિહાસ તપાસતા સદૈવ સામાજિક સંવાદિતા, લોકશાહી, બંધારણીય તથા માનવમૂલ્યોનો હ્રાસ જોવા મળે છે અને તેની સામે સામાજિક વિષમતા પ્રગટ થાય છે.

**7.ધાર્મિક સ્થળો–**

કોવિડ-19ને લીધે લોકડાઉનની સ્થિતિમાં ભારત ભરનાં ધાર્મિક સ્થળો બંધ રાખવા ફરજ પાડવામાં આવી છે. પણ લોકોની આસ્થામાં વધારો જોવા મળે છે. ઓનલાઈન દર્શનની સિસ્ટમનો ઉપયોગ થઈ રહ્યો છે. જ્યારે કુદરતી કટોકટી ઊભી થાય ત્યારે શ્રદ્ધાળુઓની સંખ્યા વધતી જોવા મળે છે. ધાર્મિક સ્થળો એ લોકોમાં રહેલી ધાર્મિક ભાવના વ્યક્ત કરવાનું પવિત્ર સ્થળ છે. સિદ્ધિ વિનાયક, ઉજ્જૈન, તીરૂપતિ બાલાજી, શ્રીનાથજી, સોમનાથના દર્શન ઓનલાઈન કરવાની લોકોને ટેવ પડી છે. ડાકોરના મંગળા દર્શન ઓનલાઈન કર્યા બાદ ચ્હા પીવાના નિયમને વળગી રહ્યાં છે, વર્ચ્યુઅલ ભક્તિ વધી છે એમ કહી શકાય. બીજુ કે ધાર્મિક સ્થળો સાથે તે ટાઉનનું અર્થતંત્ર સંકળાયેલું છે. જ્યાં શ્રીફળ-પ્રસાદ, ચ્હા-નાસ્તો, રમકડાં, શ્રૃંગાર પ્રસાધનો, હોટલ, રેસ્ટોરાં, ધર્મશાળા જેવાં વ્યવસાયોથી મળતો રોજગાર બંધ થયો. આવા ટાઉન લોકડાઉન દરમ્યાન આર્થિક રીતે પાયમાલ થઈ ગયાં છે. જેમકે તીરૂપતિ બાલાજી, શીરડી જેવા ટાઉને વધારાની આવક ઊભી કરવાનું ક્યારેય વિચાર્યુ નથી કે નથી આ લોકો ખેતી સાથે સંકળાયેલા. ટૂંકમાં, મંદિરો ધાર્મિક સ્થળોના આર્થિક તંત્રને ધબકતું

પણ રાખે છે. કોરોના ના ડર સામે મંદિરો હિલીંગ ટચ આપી શકે છે. લોકડાઉનમાં વિવિધ દેશોમાં ઓનલાઈન કથા શ્રેણી, પ્રવચન શ્રેણીનું સફળ આયોજન થતાં વિશ્વમાંવર્ચ્યુઅલ ભક્તિ રૂપી બદલાવ થઈ રહ્યો છે.

**4.સારાંશ –**

આપણું જીવન હાલ પુરતુ તો બદલાઈ જ ગયું છે. સામાજિક, આર્થિક, આરોગ્ય, શિક્ષણ, ધાર્મિક, રાજકીય જેવા ક્ષેત્રોમાં બદલાવ આવ્યા છે. પ્રકૃતિમા પણ હિમાલય દૂર-સદૂરથી દેખાય, ગંગાજળ શુદ્ધ થાય, ચોખ્ખી હવા, પક્ષીના કલરવ શહેરોમાં મળે એ બદલાવ જોઈ શક્યા.મેડિકલ ક્ષેત્રોનાં તજજ્ઞોનું કહેવું છે કે એચઆઈવી અને હિપેટાઈટિસ બી કે સી ના રોગ વાઈરસના કારણે જ થાય છે, તેવી જ રીતે વાઈરસને કારણે 100 થી વધારે રોગ થઈ શકે છે. કોરોના અહિં રહેવાનો છે માટે તેની સાથે રહેવાની ટેવો સુધારવી પડશે. સામાજિક રીત-રિવાજો માં આવેલા બદલાવો સ્વિકારવા રહ્યાં. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું છે કે કોરોનાની લડાઈ લાંબી ચાલવાની છે. દુનિયાભરના અલગ-અલગ દેશોના લોકોએ પોતાના તોર તરીકા અને જીંદગી જીવવાની રીતો બદલવી પડી છે. વિશ્વ વ્યાપી મહામારી કોવિડ-19 એ આપણને જુદી રીતે વિશ્વ માનવી બનાવી દીધા છે. અત્યાર સુધી પૃથ્વી પર રહેવું એ આઠ અબજ લોકો વચ્ચેનું કનેક્શન હતું.આ આઠ અબજ લોકો વચ્ચે કોરોના સામેના સૈનિક તરીકે બીજુ કનેક્શન સ્થાપિત થયું છે. સર્વ મનુષ્યો એકમેવ સમસ્યા અને એકમેવ લડતના સહભાગી બની ગયા છે. કોરોના-19 કોઈ પર હુમલો કરતાં પહેલા તેની જાતિ, ધર્મ, રંગ, સંપ્રદાય, ભાષા કે દેશ જોતો નથી. સાવધાની હટી તો દુર્ઘટના ઘટી, આ બ્રહ્મ સત્યનો કોઈપણ સ્થિતિમાં સ્વિકાર કરવો રહ્યો. આ મુશ્કેલ ઘડીમાં આપણે સૌ એક સાથે છીએ ત્યારે આપણી પ્રતિક્રિયા અને વર્તનમાં એકતા અને ભાઈચારો જ મુખ્ય રહેવો જોઈએ.

**વાડમય સૂચિ –**


1. જોષી વિદ્યુત (મેં, 2020)લોકડાઉન પછીની જીવનશૈલી, વેબિનાર,સરકારી આર્ટ્સ કોલેજ, ગાંધીનગર.
2. ત્રિવેદી જીગ્નેશકુમાર (2020) વૈશ્વિક રોગચાળાની નોંધપોથી, ધ હિંદુ સમાચાર પત્ર દ્વારા પ્રકાશિત, a web-forum of India Academy of Science, Bengalure.
3. સંદેશ, સમાચાર પત્ર, ગુજરાતી, 28 મે 2020.
4. નવગુજરાત સમય, સમાચાર પત્ર, ગુજરાતી, 29 મે 2020.
5. Al Dahdah Marine and others, The COVID-19 Crisis in India, Published in book sandideas.net,13 April 2020
6. Global HRP For COVID-19, April-December-2020, United Nations coordinated Appeal
7. Mabdal Sudip ( May-2020) Coronavirus-COVID-19 is Now a Pandemic, Rese. Gate.
8. Policy Brief: The Impact of COVID-19 on Women.
9. Special issue on COVID-19 and Youth, 27 March 2020, Programme on Youth Unit, dep. Of Economics and Social Affairs, United Nation.
10. www.thelancet.com vol 395 April 25,2020
11. gujhealth.gujarat.gov.in
12. COVID-19 data.gov.in
13. www.mohfw.gov.in
14. healthdata.org/covid/data-downloads.